RAJKOT CHAMBER OF COMMERCE & INDUSTRY

# રાજકોટ ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી દ્વારા રાજકોટ-અમદાવાદ ૬ લેન પ્રોજેક્ટ તાત્કાલીક પુર્ણ કરવા સરકારશ્રી સમક્ષ રજુઆત...

ગુજરાત રાજયની માળખાકીય સુવિધાઓ, ઈન્ફ્રાસ્ટ્રકચર લેવલે ખુબ જ ઝડપથી વિકાસ થઈ રહયો છે. ત્યારે રાજકોટ થી અન્ય મહત્વના મોટા શહેરોને જોડતો રાજકોટ-અમદાવાદ નેશનલ હાઈવેને ૪ લેનમાંથી ૬ લેન બનાવવાનો પ્રોજેકટ જે ખુબ જ અતિ મહત્વનો અને આવશ્યક છે. આ પ્રોજેકટ આશરે ૩ વર્ષથી કાર્યરત છે તેમજ આ પ્રોજેટકને વર્ષ ૨૦૨૦ સુધીની સમય મર્યાદામાં પુર્ણ કરવાનો હતો. પરંતુ આ પ્રોજેકટ ખુબ જ મંદગતીએ ચાલી રહયો છે અને હજુ આ અંતર્ગત ઘણું કામ બાકી લાગી રહયું છે. ત્યારે આ પ્રોજેકટ કયારે પુર્ણ થશે તેનો કોઈ અંદાજ આવી શકતો નથી.

ગુજરાતના સ્વપ્ન સમાન આ પ્રોજેટની નિયુકત સમય મર્યાદામાં પુર્તતા ન થવાથી તેમજ સમગ્ર પ્રોજેકટ અંતર્ગત કેટલાય ડાયવર્ઝનો તથા ખોદકામોને કારણે વેપાર-ઉધોગકારો અને આમ જનતાને અવર-જવર કરવામાં ખુબ જ મુશ્કેલીઓ પડી રહી છે. આ નેશનલ હાઈવે સતત ધમધમતો હાઈવે હોય પ્રોજેકટ અંતર્ગત ડાયવર્ઝન અને ખોદકામને કારણે કલાકો સુધી ટ્રાફિક જામ થવાની પણ સમસ્યા ઉદભવી રહી છે. જેથી લોકોને નાણાં, સમય તથા ઈંધણનો પણ વ્યય થાય છે. સરકારશ્રી દ્વારા રાહદારીઓ પાસેથી ટોલટેક્ષ ઉઘરાવવામાં આવે છે. પરંતુ તેઓને રોડ-રસ્તાઓની આવી ખરાબ પરિસ્થિતિમાંથી પસાર થવું પડે તે ખુબ જ દુ:ખ દાયક અને આશ્ચર્યચકિત જણાય રહયું છે.

વધુમાં આ ૬ લેન પ્રોજેકટની કામગીરીની સમીક્ષા માનનીય મુખ્યમંત્રીશ્રી ઘણા સમય પહેલા કરી ચુકયા છે તો ફરીવાર આ પ્રોજેકટની સમીક્ષા કરીને રાજકોટ-અમદાવાદ ૬ લેન પ્રોજેકટ તાત્કાલીક પુર્ણ થાય અને આ પ્રોજેકટ જયાં સુધી પુર્ણ ન થાય ત્યાં સુધી વાહન વ્યવહાર વિના અવરોધે ચાલુ રહે તેવી તમામ વ્યવસ્થા હાથ ધરવા રાજકોટ ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી દ્વારા માનનીય વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીજી, ગૃહમંત્રીશ્રી અમીતભાઈ શાહજી, રોડ-ટ્રાન્સપોર્ટ મંત્રીશ્રી નિતીનભાઈ ગડકરીજી તથા ગુજરાત રાજયના માનનીય મુખ્યમંત્રીશ્રી ભુપેન્દ્રભાઈ પટેલજી સમક્ષ ભારપુર્વક રજુઆત કરવામાં આવેલ છે. તેમ રાજકોટ ચેમ્બરની અખબારી યાદીમાં જણાવેલ છે.